અહિંસાનો પયગંબર



"યજ્ઞને માનવરૂપે અવતરવાની ઇચ્છા થઇ અને તે ગાંધી રૂપે અવતર્યા."

—સ્વ. ટાગોર.

સંપાદક : મોતીલાલ ર. ભગતજી

સુધારીને વાંચવું

પૃષ્ઠ	પંક્તિ	અશુધ્ધ	શુધ્ધ
૮	૧૨	ક્રોઈ	કોઈ
૯	૨૪	પ્રણિમાત	પ્રણિપાત
૧૧	૨૪	વિંરોધીઓની	વિરોધીઓની
૨૨	૧૯	વપ	વર્ષ
૨૩	૩	અધાર	અંધાર
૨૫	૧૦	કનયાલાલ	કનૈયાલાલ
૨૬	૫	હિંદુસ્તાતની	હિંદુસ્તાનની
૨૮	૨૦	ગાધીજીની	ગાંધીજીની

આ અને અન્યત્ર કંઈ છાપ ભૂલો રહી ગઈ હોય તો વાંચક સુધારીને વાંચવા કૃપા કરે. —સંપાદક.

અહિંસાનો પયગંબર



સંપાદક : મોતીલાલ ર. ભગતજી.

૧

: પ્રકાશકો :

ચન્દ્રકાન્ત ન. ભાટસ્વકર
રાવજીભાઈ બી. પટેલ
મોભારોડ. (તા. પાદરા)
G. B. S. Ry.

૧૯૯૮ · ૧૯૪૨
પ્રથમાવૃત્તિ ૧૦૦૦
કિંમત ૪ આના

મુદ્રક
શા. વિઠ્ઠલદાસ ઝીકાભાઈ
'સુંદર' પ્રિન્ટિંગ પ્રેસ,
કણપીઠ · · સુરત

પ્રસ્તાવના

આટલી નાનકડી પુસ્તિકાને પ્રસ્તાવનાની ખાસ આવશ્યકતા નથી. તો પણ સંપાદકના પ્રેમ તથા આગ્રહને વશ થઈ ઘણા આનંદથી તેમ કરવા પ્રેરાયો છું. ઘણો આનંદ એટલા માટે કે આ પુસ્તિકા તૈયાર કરી જનતા સમક્ષ રજુ કરનાર મારા એક ઉત્સાહી તથા સાહિત્યપ્રેમી વિદ્યાર્થી (શિષ્ય) છે.

શિક્ષક તરીકેના તથા હેડમાસ્તર તરીકેના મારા ત્રીસ વર્ષના અનુભવમાં અનેક પ્રકારના શિષ્યોના સંપર્કમાં હું આવ્યો. આજે મારા એ સર્વે વિદ્યાર્થીઓ મારા ઉપર એકધારો પ્રેમ વર્ષાવી રહ્યા છે તે મારા સદ્‌ભાગ્ય છે

પુસ્તિકાના સંપાદક તથા યોજક ભાઈ મોતીલાલ ર. ભગતજી પણ એક એવા જ ભાવનાપૂર્ણ તથા ઉર્મિઓથી છલકાતાં હૃદયવાળા વિદ્યાર્થી છે. કેરાર હાઈસ્કુલમાં હું મુખ્ય શિક્ષક (ઈ. સ. ૧૯૩૬ થી ૧૯૪૦) હતો તે દરમીઆન ભાઈ ભગતજી મારા અંગત પરિચયમાં આવ્યા. તેઓ ચિત્રકળામાં પ્રવિણ હોઈ અમારી શાળાનું હસ્તલિખિત "દીપક" નામનું શાળાપત્ર અથાગ પરિશ્રમ, ખંત તથા કાળજીથી ચલાવતા. અંતે એ "મેગેઝિન"ને છાપીને બહાર પાડયું. ગયા વર્ષનો "દીપક"નો 'રસોત્સવ' અંક ભાઈ ભગતજીના શ્રમને આભારી છે.

× × × ×

પ્રસ્તુત પુસ્તિકામાં એમણે જે વિષય ચર્ચ્યો છે તે એવો તો સુંદર તથા લોકપ્રિય છે કે તે સબંધી કાંઇ કહેવું એ સોનાને ઢોળ ચઢાવવા જેવું થાય. "અહિંસાના પયગંબર"ને આજે કોણ ઓળખતું નથી? ભારતનાં એ અણમોલ રત્નને સારૂંય જગત્ પોતાનું શિર ઝુકાવે છે. પોરબંદર (સુદામાપુરી)ની પૂનિત ભૂમિને વિશેષ પૂનિત બનાવનાર

એ મહાપુરૂષને સૌ કોઈ મહાત્મા તરીકે સ્વીકારે છે. ગાંધીજીના જીવન પ્રસંગોને ઉદ્દેશીને એટલું બધું સાહિત્ય હાલમા સર્જાઇ રહ્યું છે કે હિંદભરમાં ગામડે ગામડે અને ઘેર ઘેર ગાંધીજીનું નામ હરપળે ઉચ્ચારાઈ રહ્યું છે. આવા અજોડ સાહિત્યમાં આ પુસ્તિકા યોગ્ય સમયે યોગ્ય ઉમેરો કરી સમાજના મોટા ભાગને શિષ્ટ અને અમૂલ્ય સામગ્રી પૂરી પાડશે.

આવા નાનકડા પણ હૃદયમંથનથી નીતરતા ગ્રંથની ઉપયોગીતા સંબંધી કોઇને શંકા હોયજ નહિ. સ્વ. મહર્ષિ ટાગોરનાજ શબ્દોમાં કહીએ તો 'ગાંધીજી' એટલે "જગતનો જીવતો યજ્ઞ......યજ્ઞને માનનરૂપે અવતરવાની ઇચ્છા થઈ. ને તે ગાંધીજી રૂપે અવતર્યો." કેવી ઉદાર અને ઉત્કૃષ્ટ કલ્પના! ગાંધીજીનો આટલો જીવનમંત્ર સમજાય તો આપણું જીવન પણ ધન્ય બની જાય.

ભાઇ ભગતજીએ પોતાની પ્રથમ પ્રસિદ્ધ થતી કૃતિ માટે આ વિષય પસંદ કર્યો તે માટે તેઓને મારાં હાર્દિક અભિનંદન છે. એમણે ઉઠાવેલાં આ કાર્યમાં પરમકૃપાળુ પરમેશ્વર એમને સંપૂર્ણ યશ આપો!

ભાઈ ભગતજીને શ્રી. ચંદ્રકાન્ત ભાદરણકર જેવા સાહિત્યપ્રેમી મિત્ર તથા ભાઇ જેવા ભાઇ મળી ગયા તે પણ આનંદની વાત છે. આ ભાઈઓ આવાં અનેક સ્તુત્ય કાર્યો સફળતાપૂર્વક કરતા રહે અને તેમ કરીને સમાજની તથા સાહિત્યની યોગ્ય સેવા કરવા ભાગ્યશાળી બને એ મારી અંતરના આશીષ છે.

સાહિત્યક્ષેત્રમાં ખેલવાનું સાહસ શરૂ કરતા આ આશાસ્પદ યુવકોને સમાજ યોગ્ય પ્રોત્સાહન આપશે એવી આશા છે.

પાદરા
તા. ૧૦–૧–૪૨.

મ. મો. પોટા.

અનુક્રમ

સંપાદકિય

વિશ્વવંદ્ય પુરુષોમાં ગાંધીજીનું સ્થાન અનોખું છે. એમની પ્રતિભા અને પ્રતિષ્ઠા અપ્રતિમ છે. તેમજ એમની ધર્મ ઉપરની આસ્થા અને સ્વદેશપ્રેમ પણ અતિદીર્ઘ કાળથી જાણીતા છે. એમના ઉપર અનેક ભાષામાં અનેક નાના મોટાં પુસ્તકો લખાયા છે. પરંતુ તે સૌમાં આ પુસ્તકની એક ખાસ વિશિષ્ટતા એ છે કે, ગાંધીજી વિષે તેમાં સભર, રસિક અને કુતૂહલ પ્રેરક માહિતી ભરી છે. સાધારણ લખી વાંચી જાણતી આમજનતાને, અને વિદ્યાર્થીઓ–કિશોર અને કુમારોની જીજ્ઞાસા વૃત્તિને કુતૂહલ પૂર્વક ઉદ્‌ભવતી જીજ્ઞાસાને સંતોષવાનો એમાં નમ્ર પ્રયાસ છે.

આ નાનકડી પુસ્તિકામાં પ્રથમનો ઘણો અગત્યનો ભાગ ગુજરાતના જાણીતા લોકપ્રિય દૈનિક 'જન્મભૂમિ'માંથી લીધો છે. એનો ઉપયોગ કરવા દેવા માટે 'જન્મભૂમિ'ના વ્યવસ્થાપક રા. અમૃતલાલ શેઠની સહૃદયતા અને સૌજન્યતા માટે હું તેમનો ઋણી છું.

ગુરૂ શિષ્યના સ્નેહને લીધે મ્હારી આ સંપાદિત પુસ્તિકા માટે પ્રસ્તાવના લખી આપવા માટે પૂ. શ્રી. પોટા સા. નો હું ઘણોજ આભારી છું.

આ નાનકડી પુસ્તિકાને પ્રસિદ્ધિમાં મૂકવા માટે તેના પ્રકાશકો–મારાં સ્નેહિ મિત્ર ભાઈ ચંદ્રકાન્ત બાદરણકર તેમજ ભાઈશ્રી રાવજીભાઈ પટેલનો હું આ સ્થળે આભાર માનું છું.

કડોર, છીપવાડ લેનઃ
તા. ૧૫–૧–૧૯૪૨.

મોતીલાલ ર. ભગતજી
સંપાદક.

અહિંસાનો પયગંબર

રક્તપાત સામે જેણે જગતને રેંટીયાની ભેટ ધરી છે.

અહિંસાનો આદેશ તો વેદમાં આપેલો છે. હિંદી સંસ્કૃતિના આદિકાળથી અહિંસા પરમ ધર્મ મનાયો છે.

પરંતુ અહિંસાનો પહેલવહેલો વ્યાપક પ્રચાર બુદ્ધ અને મહાવીરે કર્યો.

સર્વ પ્રકારના સર્જનમાં પ્રાણ રહેલો છે, એવી કલ્પના મહાવીરે કરી. સર્વ જીવોને આપણા જેટલોજ જીવવાનો અધિકાર છે, એવું પ્રતિપાદન મહાવીરે કર્યું. અહિંસાની શારીરિક બાજુજ નહિ પણ મન અને વચનથી પણ હિંસા થઈ શકે છે, એવો પ્રકાશ મહાવીરે પાથર્યો.

અહિંસાનું આ સૂક્ષ્મ સ્વરૂપ મહાવીરે પ્રગટાવ્યું અને વિકસાવ્યું. 'વિતરાગ' એ મહાવીરનો આદર્શ. જૈન શાસ્ત્રો નોંધે છે કે જ્યાં જ્યાં મહાવીરના પગલાં પડતાં તેની આસપાસના બાર બાર જોજનમાં કોઈ અપૂર્વ શાંતિ પ્રસરતી, કોઈ અપૂર્વ ભાવના જાગતી. એવો એનો પ્રભાવ હતો.

બોધીવૃક્ષ નીચે ત્રિકાળ દર્શન કર્યા પછી બુદ્ધ ભગવાને પૃથ્વીપર પર્યટન કર્યું, ને અહિંસાનો આદેશ આપ્યો.

સંગ્રામ, ક્લેષ, અને નિત્યના રક્તપાતથી સંતપ્ત બનેલી પ્રજાઓને બુદ્ધનો અહિંસાનો ઉપદેશ કોઈ શિતળ ઔષધ જેવો લાગ્યો.

અહિંસા ત્રણ પ્રકારની છે : માનસિક, વાચિક અને કાયિક. મહાવીરે બોધેલી એ ત્રિવિધ અહિંસા પછી મહાવીરના અનુયાયી માત્ર બેજ પ્રકારની અહિંસા સાધી શકેલા. માનસિક અને વાચિક. કાયિક અહિંસા માત્ર દીક્ષા-

ધારી સાધુ પુરૂષોએ પ્રાપ્ત કરેલી, જનસમૂહે નહિ. મહાવીરના અનુયાયીઓ તરવાર તથા યુદ્ધને તજી શક્યા નહતા. મુંજાલ, ઉદા મ્હેતા, કે કુમારપાલ, એ બધા જૈન શાસનના ધ્વજધારીઓ કાયિક હિંસાથી મુક્ત ન હતા.

બુદ્ધના અનુયાયીઓએ એ બાબતમાં વધારે સિદ્ધિ પ્રાપ્ત કરી. ચક્રવર્તિ અશોકને બુદ્ધના આદેશની એટલી અસર થઈ કે તેણે સંગ્રામો બંધ કર્યા હતા, ને પોતાની વિજયકુચ થંભાવી હતી.

'તારા એક ગાલપર કોઈ તમાચો મારે તો તારે બીજો ગાલ ધરવો' એવો ઉપદેશ આજથી બેહજાર વર્ષ પહેલાં જંગલી અને અસંસ્કૃત પશ્ચિમની જનતાને ઇસુએ આપ્યો.

પરંતુ ઇસુએ બોધેલી અહિંસા ઈસુની સાથેજ રહી. ઇસુના કરોડો અનુયાયીઓએ ઇસુની અહિંસા એકે સ્વરૂપમાં આચરણમાં મૂકી નથી.

એ રીતે અહિંસાનો આદેશ અને અહિંસાની શક્તિ કોઈ નવી વસ્તુ ન હતી.

આજ પૂર્વે અનેકે તે બોધી હતી. આજ પૂર્વે કેટલાકોએ તે જીવનમાં આચરી હતી.

પરંતુ અહિંસાની જેવી સાધના ગાંધીજીએ કરી છે તેવી કોઈએ કરી નથી. ગાંધીજીની અહિંસા પણ ત્રિવિધ પ્રકારની છે. વચનથી પણ કોઈને દુઃખ આપવું તે હિંસા છે. મનથી પણ કોઈનું બુરૂં ઈચ્છવું તે હિંસા છે.

ગાંધીજીએ પ્રથમ તો પોતાના જીવનમાં આ અહિંસા વણી લેવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. પોતે એ સિદ્ધિને પ્રાપ્ત કર્યા પછી તેમણે અહિંસાનો આદેશ આપ્યો.

ગાંધીજીની અહિંસાની ઉપાસનામાં કેટલાંક તત્ત્વો તદ્દન નવિન છે. એમણે કરેલી સિદ્ધિઓ અભૂતપૂર્વ છે, ને તે કારણે ગાંધીજીએ અહિંસાની સફળતા પૂરવાર કરી છે તેવી હજુ સુધી કોઇએ કરી નથી.

આજ સુધી અહિંસાનો આદેશ માત્ર વ્યક્તિગત લેખાતો. આખો જનસમૂહ અહિંસા આચરી શકે એવી કલ્પના કદાચ ટોલસ્ટોયે કરી હોય તોપણ તેને અમલમાં મૂકવાનું કાર્ય તો ગાંધીજીએજ કર્યું છે.

રાજકારણમાં ને રાજકિય લડતમાં પણ અહિંસાને વિજય મળી શકે છે તેવી વાત ગાંધીએજ પ્રથમ કરી બતાવી.

લાખો અને કરોડો લોકો જ્યારે કોઈની સામે યુદ્ધમાં ઉતરે ત્યારે તેઓ શસ્ત્ર વિના માત્ર અહિંસાથીજ નભી શકે છે એ તેમણે બતાવ્યું.

દુનિયાએ આજ સુધી માત્ર હિંસાજ જોઈ છે. હિંસાનુંજ જીવન બધા જીવ્યા છે, ને હિંસાનો પ્રતિકાર માત્ર હિંસાથીજ કર્યો છે, ને ભવિષ્યમાં દુનિયા કદાચ એમજ કર્યા કરત.

પરંતુ ગાંધીજીએ બતાવ્યું છે કે દુનિયામાંથી હિંસા નાબૂદ થઈ શકે છે. હિંસાનો પ્રતિકાર અહિંસાથી થઈ શકે છે. રક્તપાત વિના પણ માણસ કે રાષ્ટ્ર પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકે છે.

અહિંસામાં અમોઘ શક્તિ ગાંધીજીએ પિછાણી લીધી. અહિંસાની સાધના કરવાં જતાં આપમેળે જે બીજા ગુણો માણસને કેળવવા પડે છે તે પણ તેમણે જોઈ લીધું. કારણ કે અહિંસાની સાધના કંઈ સહેલી વસ્તુ નથી. તે માટે તો માનવીએ પોતાનું ચારિત્ર્ય ઘડવું જોઇએ, ને તોજ અહિંસા અસરકારક થઈ શકે છે.

અહિંસાને વ્યવહારમાં ગાંધીજીએ મૂકી. દુનિયાના ઇતિહાસમાં કદાચ આ પહેલો અખતરો હશે, ને હંમેશ પ્રથમ અખતરાઓમાં બને છે તેમ કદાચ આ અખતરો સંપૂર્ણ સફળ નહિ બન્યો હોય તેમ છતાં તેનાં મૂલ્ય ઓછાં નથી. કારણ કે રૂધિરમય જગતને એ અખતરો નૂતન માર્ગ દર્શાવે છે. ને દુનિયાના અનિષ્ટોનો સામનો કરવાનું નવિન શસ્ત્ર આપે છે. આજ સુધી બધા શસ્ત્રો નિષ્ફળ ગયા છે. આ શસ્ત્રનો પ્રયોગ હવે દુનિયા કરશે.

ગાંધીજીના જીવનની સૌથી મોટામાં મોટી સિદ્ધિ આ અહિંસાનું વ્યવહારૂ પ્રતિષ્ઠાપન છે.

એવા એમને પ્રણિપાત કર્યા વિના ચાલતું નથી.

એવો રણવીર જોયો નથી

એને વિજયનું ગુમાન નથી અને પરાજયનો આઘાત નથી.

ષણમુખ એવા ભગવાન કાર્તિકેયને વેદોએ મહાસેનીની ઉપમા આપી છે. રણશૂરોના કાર્તિકેય શિરોમણી ગણાય છે. સેનાપતિઓના મુગટમણિ ગણાય છે. રણવીરોના એ રણવીર ગણાય છે.

એવા કાર્તિકેયના રણકૌશલ્યની સાથે ગાંધીજીનું રણ કૌશલ્ય સરખાવવામાં આવ્યું છે. એવા સેનાનીની હરોળમાં ગાંધીજીને મૂકવામાં આવ્યા.

અહિંસક છતાં ગાંધીજીએ યુદ્ધો લડયાં છે. ને આજ સુધી આપણે હિંસાત્મક યુદ્ધોની જે પરિભાષા વાપરી છે તેજ પરિભાષાનો ઉપયોગ અહિંસક યુદ્ધો માટે કરવો પડે છે.

કાર્તિકેયની કલ્પનાને જવા દઈએ. અર્જુન અને કર્ણની શંકાશીલ સત્યતાને તજી દઇએ ને માત્ર ઉપલબ્ધ ઇતિહાસના રણવીરો પર દ્રષ્ટિપાત ફેંકીએ, તો ગાંધીજીની અપૂર્વ રણવીરતાની સમજ પડશે.

જેનું નામ સાંભળીને દુશ્મનો થરથરે, જેની હાક સુણીને સૈન્યોના ગાત્રો ગળી જાય, જેના આગમન માત્રથી વિજય મળી જાય એવા કંઈ કંઈ સેનાપતિઓ ઇતિહાસમાં નોંધાયા છે.

કોકેસસના પહાડોમાંથી તૈમુર લંગે આખા એશિયાને ધ્રુજાવ્યું હતું. એથન્સના રાજભુવનમાંથી સિકંદર દુનિયાનો ચક્રવર્તિ થવા નીકળ્યો હતો.

ચંદ્રગુપ્ત અને અશોકે સામ્રાજ્યો સ્થાપ્યા હતા. બાબર અને અકબરે કોઈક યુદ્ધોમાં વિજય મેળવ્યા હતા. પ્રતાપ અને શિવાજીની યુદ્ધગાથાઓ તો હજી તાજી છે.

ગઈ સદીના પ્રારંભમાં નેપોલીયને યુરોપને ધ્રુજાવ્યું હતું. યુરોપમાં થઈ ગએલા અનેક રણવીરોમાં નેપોલીયન જેવી સંગ્રામ શ્રેષ્ઠતા ને યુદ્ધ-કૌશલ્ય કોઇએ દાખવ્યું ન હતું.

એ બધા રણવીરો હતા. આજ સુધીમાં લડાએલા લાખ્ખો યુધ્ધોમાં એવા કોઈ કોઈ રણવીરો નોંધાયેલા ને અણનોંધાયેલા થયા હશે.

પરંતુ ગાંધીજીની રણવીરતા અનોખી જાતની. મોતનો સામનો તો ઘણાએ કર્યો હશે. મોતનો ભય તજનારા પણ ઓછા નહિ હોય. પરંતુ ઈરાદાપૂર્વક શાંતિથી ઠંડી તાકાતથી મોતની ભેટ અઘરી અને આકરી છે.

દુંદુભીના દળ જતા હોય ત્યારે દેહમાં ધ્રુજારીઓ ઉઠે છે. સિંધુડા ગવાતા હોય ત્યારે લોહી સંતપ્ત બને છે. વેરભાવના, ઈર્ષા, સ્વદેશભક્તિ સ્વરક્ષણની ભાવના, અભાવથી થયેલો રોષ, અનેકોના કોલાહલ, વિજયનાદ અને ગર્જનાઓ એ બધા વચ્ચે માનવીના દેહમાં અપૂર્વ ઉશ્કેરાટ જન્મે છે. ન દાબી શકાય તેવી તમન્ના દેહમાં જાગે છે. ને જોશ તથા જોમમાં તે ઘાવ ઝીલે છે, કે ઝીંકે છે.

એ ઝીલેલા ઘાવ એટલાં દુઃખદાયક થતાં કે તાતી તલવાર શરીર સોંસરવી નિકળી જાય ત્યારે મોત પણ ક્ષણિક હોય છે. ઝનૂનમાં ઉકળતા લોહીની આંધીમાં ક્ષણમાં લડાઈમાં મરવું સહેલું છે.

ને એવીજ ભાવનાથી પ્રેરાએલી સેનાને વિજયને માર્ગે લઈ જવી તે પણ સહેલી વસ્તુ છે.

પરંતુ જ્યાં દુંદુભી નથી, ગર્જનાઓ નથી, ઝનૂન નથી, સંતપ્ત રક્ત નથી. માત્ર ઈરાદાપૂર્વકનો, ઠંડા મગજનો મિજાજ ગુમાવ્યા વગરનો સામનો છે, ત્યાં માનવીની રણવીરતાની શ્રેષ્ઠ કસોટી થાય છે.

અહિંસક દળના સેનાની તરીકે ગાંધીજીએ એવી ઠંડી તાકાત અને અલૌકિક વીરતા દાખવી છે. ઠંડી હોય કે તડકો હોય, વિરોધીઓની લાઠી હોય કે બેડી હોય એ બધાને શાંત રીતે અપનાવવું.

એ બધી યાતનાઓ શરીર તથા મનને વેઠવાની છે. એ જાણ્યા છતાં તેને ભેટવા જવું ને તેને સહન કરવી એ વીરતા અસામાન્ય છે. આજ સુધી દુનિયાએ જાણેલી વીરતા કરતાં અનોખી છે.

એતો વ્યક્તિગત વાત થઈ. પરંતુ સમૂહના સેનાની તરીકે બધાને એવી વીરતા બતાવવાની પ્રેરણા આપવી તે સહેલી વસ્તુ નથી. ઘાવ કરવા સહેલાં છે. સૈનિકોને તે માટે આદેશની જરૂર નથી. અહિંસક યુદ્ધ કરવું અઘરૂં છે. દરેક સૈનિકને એના પાઠ શિખવવા પડે છે.

ગાંધીજીની રણવીરતાનું બીજું લક્ષણ એ છે કે વિજયની પળે તેઓ ભાન ગુમાવતા નથી, કે પરાજયની ઘડીએ તેઓ નિરાશા અનુભવતા નથી. જે પ્રકારનાં સંગ્રામ તેઓ ખેડે છે તે પ્રકારના સંગ્રામમાં તાત્ત્વિક રીતે કદી પરાજય હોઈ શકે નહિ એવી તેમની દૃઢ માન્યતા છે, ને એજ શ્રદ્ધાથી તેઓ પોતાનું કાર્ય કરી રહ્યા છે.

પોતાના વ્યૂહોને દુશ્મન આગળ પહેલાથી ખુલ્લા કરી દેવા, પોતાની ચાલ દુશ્મનને જણાવી દેવી, પોતાની કિલ્લેબંધીને દુશ્મન સમક્ષ ખુલ્લી કરવી ને તે પછી યુદ્ધનું દુશ્મનને આવ્હાન આપવું એ બનાવ કે એ હકીકત દુનિયાની તવારીખમાં નોંધાઈ નથી કે સંગ્રામના શાસ્ત્રમાં લખાઈ નથી.

ગાંધીજીની રણવીરતાનો એ એક નવોજ પાસો છે.

ને અહિંસક છતાં ગાંધીજી જ્યારે રણ ચઢે છે ત્યારે સામ્રાજ્યો ધ્રુજે છે. આખી દુનિયાને ભીતિ આપનાર સામ્રાજ્ય ગાંધીજીની રણહાકથી ધ્રુજતું હતું એ સ્વીકૃત હકીકત છે. હજુએ તેને ભય છે તે જાણીતી વાત છે. રણવીરતાની અમોઘ શક્તિનો આથી વધારે પુરાવો કયો હોઈ શકે ?

સંગ્રામ શાસ્ત્રના નિષ્ણાંતોને અનેક સંગ્રામના વિજેતાઓ, શ્વેત સેનાપતિઓ પણ આ યોદ્ધાથી મહાત થયા છે.

એવા ગાંધીજી જ્યારે ૧૯૩૦ માં રણે ચઢ્યા ત્યારેજ અપૂર્વ તેજ, વીરત્વ ને પ્રભાકિરણો તેમના દેહમાંથી ઉદ્‌ભવ પામતા હતા. તેની પ્રતિતિ તે સ્મરણ કરતાં આજે પણ માણસના અંતરમાં અનેરાં રોમાંચ થાય છે.

'એના જેવો રણવીર મેં જોયો નથી' એવું જવાહરનું વચન શબ્દે-શબ્દ સાચું છે.

એવા રણવીરપ્રતિ મસ્તક ઢળે છે.

દુ:ખિયારાનો ભેરૂબંધ

સંસારી છતાં અદ્‌ભુત સાધુ : પડેલાઓનો ઉપકારક બંધુ

માણસના દેહને અનેક વ્યાધિઓ લાગુ પડે છે. અનેક રોગથી એનો દેહ ગ્રસ્ત બને છે.

પરંતુ રક્તપિતના રોગ જેવો ભયાનક રોગ બીજો એકે નથી. જેને ગળત કોઢ કહે છે એવા કોઢથી જ્યારે માનવીનો દેહ વ્યાપ્ત થાય છે ત્યારે તે માનવીને થતી પીડાને તેના થતાં હાલ બીજો કોઈ દર્દિ અનુભવી શકતો નથી.

આખો દેહ સડી જાય છે. અણુંએ અણું અંગારા ચાંપ્યા હોય એવી બળતરા તેના દેહમાં થાય છે. હજાર હજાર વીંછુની વેદના તે અનુભવે છે. દેહના સડેલા અંગમાંથી લોહી અને પરૂ ઝરમર ઝરમર ઝરે છે. ધીમે ધીમે એના અંગો એ રીતે સડી સડીને નીચે પડતાં જાય છે.

એ રોગગ્રસ્ત માનવી સામે સામાન્ય માનવીથી જોઈ શકાતું નથી. તો તેની નજીક ઉભા રહેવાની તો વાતજ શી ? એ ખુબ ચેપી રોગ છે.

રક્તપીતીઆઓની દવાશાળા જુદી હોય છે. તેમને માટે અલાયદા અનોખાં ઋગ્ણાલયો હોય છે. એવા એક રક્તપીતીઆના ઋગ્ણાલયમાં એક દિવસ એક માનવી જઈ ચઢયો.

રોગથી પીડાતા, રૂધિર અને પરૂ જેના અંગમાંથી ઝરતા હતાં એવા દુર્ગંધ મારતાં દેહવાળા આજારીઓ આ પુરૂષની મુલાકાતથી આનંદીત બન્યા હતા.

એ પુરૂષ એ રક્તપીતીઆની નજીક જતો. તેમના રોગને નિરખતો. તેમના દેહને જોઇને એની આંખમાંથી કરૂણા વર્ષતી. પોતાના દેહ પર રહેલા કપડાના પાલવથી એ પુરૂષ રક્તપીતીઆના દેહ પરના રૂધીર અને પરૂ ધોવા લાગ્યો. કોટી કોટી પાપ કર્યા હોય તેને રક્તપીત થાય છે એવી માન્યતાથી વરાએલા એ કારૂણ્યમૂર્તિ સમા એ રોગીઓને એ પુરૂષ ભેટી પડયો. એ પુરૂષ તે ગાંધીજી.

આત્મચિંતનનો ગાંધીજીને પ્રથમ ઉદ્‌ભવ થયો હશે ત્યારે પહેલ વહેલી તેમની નજર માનવજાતની આપત્તિઓ પર પડી હશે.

"દુઃખી જનને જોઈને દયા ખાનારા ઘણા હશે, પરતુ દુઃખીના દુઃખમાં ભાગ લેનારા, દુઃખીના દુઃખો કેમ દૂર કરવા તેનું સતત ચિંતન કરનારા, તેમના દુઃખમાં દિલાસો આપનારા ને ભાગ પડાવનારા આ દુનિઆમાં વીરલ હોય છે."

ગાંધીજીની લોકપ્રિયતાનિ, ગાંધીજીના માનવજાત પરના પ્રભાવની એ ચાવી છે. દુઃખીનો તે સાથી છે. દુઃખીનો તે તારણહાર છે. દુઃખીના દુઃખ નિવારવાનો તેણે ભેખ લીધો છે. એ હકીકત દરેકના મન પર અસર કરે છે.

લગભગ સારીયે માનવજાત એક કે બીજા પ્રકારના દુઃખમાં ઘેરાયેલી છે. ને એ કારણે તેમને બધાને લાગે છે કે આ પુરૂષ ખરો આત્મિય છે, આ પુરૂષને મારા દુઃખની પ્રતિતિ છે. આ પુરૂષે મારૂં દુઃખ નિવારવા તેના જીવનને સમર્પણ કર્યું છે.

ને તેથી સીધી કે આડકતરી રીતે પણ ગાંધીજી એ માણસના દુઃખને નિવારી ન શકતા હોય છતાં આત્માનું જે તદાત્મ્ય સર્જાય છે, ભાવનાની જે એકરૂપતા સંભવે છે તેમાંજ ગાંધીજીના લોકહૃદય પરના સ્વામીત્વનું રહસ્ય છુપાયું છે.

દરેક માનવી પોતાના અંતરની વેદનાને હમેશા વ્યકત કરવા ઈચ્છે છે. દરેક માનવીને જ્યારે એમ ભાન થાય છે કે પોતાના દુઃખ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર એકાદ વ્યક્તિ પણ છે ત્યારે તેને એક પ્રકારનું શાંત્વન થાય છે, ધીરજ રહે છે.

ગાંધીજીએ જે જે ચિંતનો કર્યા, જે જે યોજનાઓ વિચારી ને રજુ કરી, જે જે વિધાનો કર્યાં ને જે જે વિચારો દાખવ્યા તે બધાનું કેન્દ્ર તો માનવજાતનું દુ:ખજ હતું. માનવજાતના અનેક વિધ દુ:ખોને નિવારવા માટેનીજ તેમની સર્વ યોજનાઓ અને સર્વ પ્રવૃત્તિ છે. એમની પ્રવૃત્તિનું એજ પ્રેરણાસ્થાન છે.

દુ:ખી શબ્દમાં બધા પ્રકારના માનવીઓ આવી જાય છે. જુલ્મથી પીડાતા, દમનથી કચડાતાં; બંધનોથી લદાએલા, સામાજીક, રાજકિય, માનસિક, અને આર્થિક પીડાઓથી સંતપ્ત બનેલા, બધાનો તેમાં સમાવેશ થાય છે.

ગાંધીજીનું કોમળ હૃદય માનવીનું દુ:ખ નિરખી શકતું નથી. દુનિઆની દુષ્ટતાઓ તેને ભેટે છે. દુ:ખીઆરાના આર્તનાદો તેમને અકળાવે છે. ક્ષુબ્ધ કરે છે. ને આ દુ:ખોને કેમ દૂર કરવા એ એકજ હેતુથી પ્રેરાઇને તેમણે પોતાનું જીવનકાર્ય આરંભ્યુ છે ને તેજ રીતે પુરૂ કરવાનાં છે.

તેમની રાજકિય પ્રવૃત્તિનું ઉદ્‌ભવ સ્થાન પણ તેમની દુ:ખી પ્રત્યેની દિલસોજી છે. હિંદની ગરીબાઈ, હિંદની પ્રજાની અનેક વેદનાઓ એ બધાનું પ્રધાન કારણ હિંદની ગુલામી છે એમ તેમને સમજાયું તે કારણે તેમણે પરદેશી વર્ચસ્વ સામે ઝુંડો ઉઠાવ્યો. કારણ કે તેમને પ્રતિતિ થઈ કે પરદેશી શાસન છે ત્યાં સુધી ભારત વર્ષની પ્રજાના દુ:ખો દૂર થશે નહિ.

દુ:ખીના દુ:ખ જોઈને હૃદયનું પીગળવું એ કદાચ સામાન્ય હશે પરંતુ એ અનુભવ પછી એ દુ:ખને જડમુળથી ઉખેડવા માટે પ્રયત્ન કરવો ને બીજાઓ દુ:ખી છે ત્યાંસુધી પોતે કોઈપણ જાતનું સુખ અનુભવી શકે નહિ એવી ભાવના કેળવવી એ મહાપુરૂષનું લક્ષણ છે.

ગાંધીજીના જીવનનો એ પ્રધાન સૂર છે. દુ:ખીયારાના ભેરૂબંધ તરીકેજ એ જીવે છે. એ વિના જીવનમાં એમને બીજો કોઈ રસ નથી.

દેહની વાસના એમણે તજી છે. વૈરાગ્યને એમણે ગ્રહણ કર્યો છે. સંસારી છતાં એ સાદુ જીવન ગાળે છે કારણકે દુ:ખીયારાનો તે ભેરૂબંધ છે.

એવા મહાપુરૂષ સમક્ષ અંતર લળી પડે છે.

⊙

જગતનો જીવતો યજ્ઞ

ભૂપાળો ભ્રષ્ટ થયા છે

એ યુગમાં ગાંધીજીનું તપ ગાજી રહ્યું છે.

ગાંધીજીને અનેક મહાપુરુષોએ અનેક જાતની અંજલી આપી છે. કોઇએ તેમને ઇસુનો અવતાર કહ્યા છે. કોઇએ તેમને બુદ્ધ અને મહાવીરનો અવતાર કહ્યા છે. કોઇએ તેમને દુનિયાના મોટા પુરુષ તરીકે ઓળખાવ્યા છે.

મિત્રો ને વિરોધીઓ, અનુયાયીઓ ને પ્રશંસકો, પંડિતો ને ફિલસુફો, કવિઓ ને વિજ્ઞાનવેત્તાઓ, રાજદ્વારીઓ ને પંડિતો, સંતો અને સાધુઓ, અમલદારો ને અફસરો, બધાએ ગાંધીજીને પોતપોતાની રીતે અંજલી આપી છે. ભાષામાં ભાગ્યેજ એવું કોઈ વિશેષણ બાકી રહ્યું હશે કે જેની નવાજેશ ગાંધીજી પર નહિ કરવામાં આવી હશે.

એવી ભાગ્યેજ કોઈ ઉપમા હશે કે જેનો ઉપયોગ એમને માટે કરવામાં આવ્યો નથી. એવો ભાગ્યેજ કોઈ ગુણ હશે કે જેનું આરોપણ એમનામાં નહિ કરવામાં આવ્યું હોય.

તે છતાં ગાંધીજીના જીવનનો મર્મ કવિવર ટાગોરે જે શબ્દોમાં આપ્યો છે તેવો હજુ કોઇએ આપ્યો નથી. હિંદી માનવ સમજી શકે એવી અર્થપૂર્ણ સચોટ ઉપમા આપતા કવિવરે લખ્યું છે કે : **"યજ્ઞને માનવરૂપે અવતરવાની ઈચ્છા થઈ ને તે ગાંધીરુપે અવતર્યા."**

આ ઉપમા અને આ સરખામણી પાસે, આ અર્ધ્ય અને આ અંજલી પાસે બીજી બધી ઉપમાઓ ને ગુણારોપણ ઝાંખા પડે છે. ગાંધીજીના જીવનનો અભ્યાસ કરનારને, એમના કાર્યો ને પ્રવૃત્તિનું અવલોકન કરનારને

ગાંધીજીના જીવનને અપાએલી 'યજ્ઞ' ની ઉપમા સાર્થક અને હુબહુ લાગશે બીજા અનેક પ્રશંસા વચનોમાં અતિશયોક્તિ હશે. પરંતુ 'યજ્ઞનો માનવ અવતાર' એ રૂપક શ્રેષ્ઠ હોવા છતાં તેમાં અતિશયોક્તિ પણ દેખાતી નથી, એવું કોઈ સુભગ ઘડીએ કવિવરને સુઝેલું વાક્ય છે.

'યજ્ઞ'! કેટકેટલીક કલ્પનાઓ એ શબ્દથી જાગે છે!

પ્રાચિન હિંદની અનેક વસ્તુઓમાં યજ્ઞની કલ્પનાજ અલૌકીક છે. આજે પણ આપણે અનેક ક્ષેત્રમાં મંડાયેલા યજ્ઞની વાત કરીએ છીએ. 'ચૂંટણી યજ્ઞ' એ છેલ્લામાં છેલ્લો શબ્દ પ્રયોગ.

નવિનો, જુનવાણીઓ, બધાને માટે 'યજ્ઞ' એ અર્થપૂર્ણ શબ્દ છે. 'યજ્ઞ' એટલે માત્ર મંત્રોચ્ચાર નહિ. 'યજ્ઞ' એટલે માત્ર પશુઓનું કે અન્યનું બલિદાન નહિ. 'યજ્ઞ' એટલે માત્ર અર્થહિન ક્રિયા નહિ.

'યજ્ઞ'ની પછવાડે જે ભાવના રહેલી છે તે ભાવના બીજા કોઈ કાર્યની પછવાડે દૃષ્ટિગોચર થતી નથી.

'યજ્ઞ'ની કલ્પના આવતાંજ આપણને બલિદાન યાદ આવે છે. 'યજ્ઞ' એટલે બલિદાન.

પ્રાચીનકાળમાં 'યજ્ઞ' બલિદાન અર્થે થતો. બલિદાન આપનાર માણસની મુરાદો સિદ્ધ થાય છે, દેવો પ્રસન્ન થાય છે, તેની મનોવાંચ્છના ફળે છે, એટલે કે બલિદાન વિના સિદ્ધિ નથી. અગરતો બલિદાન એ માનવીની શ્રેષ્ઠ સિદ્ધિ છે એવી ભાવના 'યજ્ઞ'ની પછવાડે રહેલી છે.

યજ્ઞો પણ અનેક જાતના હતા. ને જેમ જેમ બલિદાનની કક્ષા ઉચ્ચતર તેમ તેમ યજ્ઞની મહત્તા વધારે.

એ યજ્ઞનું સ્વરૂપ, એ યજ્ઞની ભાવના, બીજા અનેકમાં વિકૃતિ આવી તેમ તેમાં પણ વિકૃતિ આવી હશે.

પરંતુ એ ભાવનાઓ તો છેજ આપણામાં ને એ ભાવનાનો ખ્યાલ રાખ્યા પછી આ યુગમાં ગાંધીજી જીવનનો મર્મ શોધતાં એ યજ્ઞ પુરૂષ છે એમ સહજ થાય.

જે યુગમાં દેવોમાંથી દૈવત્વ ચાલ્યું ગયું છે, તાપસજનોં કપટ પટુતા-ભર્યા બન્યા છે, માનવીઓ મિથ્યાવાદી છે, ભૂપાળો ભ્રષ્ટ બન્યા છે, ને

પુરૂષો ભ્રષ્ટ થયા છે એવા યુગમાં ગાંધીજીનો જન્મ યજ્ઞરૂપ બન્યો છે. બીજાના પાપ એ પોતાની તપશ્ચર્યાથી ધુએ છે. બીજાની દુષ્ટતાઓના ઝેર એ પોતે પી જાય છે.

એમના જીવનનું એ એક મહા કર્તવ્ય થઈ પડયું છે. બીજાના પાપના પ્રાયશ્ચિત એ પોતે કરે છે.

ગાંધીજીનું આખુ જીવન બલિદાનોથી ભરપૂર છે. દુન્યવી સુખોના બલિદાન તેમણે વર્ષો પહેલાં કર્યા છે. પરંતુ પોતાની અનેક લાગણીઓ અને ભાવનાઓના, મનેચ્છા અને આશાઓના બલિદાન તેમને નિશદિન આપવા પડે છે.

વર્ષોથી નિશદિન ગાંધીજીને એક યા બીજાના બલિદાન માટે તત્પર રહેવું પડે છે.

યજ્ઞકુંડમાં પોતાનો ભક્ષ લેતી જ્વાળાઓ જેમ લસલસતી જીભો બહાર ફેરવે છે તેવીજ રીતે એમના જીવનમાં સતત અગ્નિજ્વાળાઓ સળગ્યાજ કરે છે. ને અનેક ભોગો માગે છે ને સ્વચ્છાએ તેઓ એ ભોગો આપે છે.

ગાંધીજીએ પોતાના જીવનને એક મહાયજ્ઞ ગણ્યો છે, ને એ યજ્ઞની બુભૂક્ષાને સંતોષવા માટે ગમે તે વસ્તુનું બલિ આપવા તેમણે પાછું વળી જોયું નથી કે અચકાયા નથી કે તે માટે પશ્ચાતાપ કર્યો નથી.

આવું જીવન અને આવા આવા બલિદાન નિરખીને સ્વાભાવિક રીતેજ થાય કે પ્રાચીનકાળના યજ્ઞો નષ્ટ થતા ને યજ્ઞ ભાવના ભૂલાઈ જતાં યજ્ઞ આકુળવ્યાકુળ બન્યો હશે ને તેને સદેહે આ ધરતીપર આવવાની ઇચ્છા થઈ હશે. તેણે માનવરૂપ ધારણ કર્યું ને ગાંધીરૂપે પૃથ્વીપર વિચરી રહ્યા છે.

જેની આખી જીંદગીજ એક યજ્ઞકુંડ જેવી છે, જેણે જીવનની સર્વ વસ્તુઓ એ યજ્ઞકુંડમાં બલિરૂપે હોમી છે તે પુરૂષને માટે યજ્ઞપુરૂષની ઉપમા કરતાં અધિકતર કોઈ ઉપમા આપી શકાય નહિ એ શ્રેષ્ઠ અને યથાર્થ ઉપમા છે.

એવા યજ્ઞપુરૂષને સહસા વંદન થઈ જાય છે.

હાડકામાંથી વજ્ર બનાવવા મથતો ભારતનો કિમિયાગર

(બારડોલી સત્યાગ્રહમાં પ્રજાએ મેળવેલા વિજય પ્રસંગના આ ઉદ્ગારો છે. ૧૯૨૮માં સાહિત્ય સંસદ્‌ના વાર્ષિકોત્સવ વખતના આદિવચન ' મૂલ્ય પરિવર્તન 'માંથી આ અવતરણ કરવામાં આવ્યું છે.)

અનેક વર્ષપર મુંબઈના પેડર રોડપરના એક ભવ્ય બગીચામાં મુંબઈની સમૃદ્ધિને મહત્તા એકઠી થએલી સાંભરે છે. અપાર શોભા હતી. અનંત ભભક ચમકતી.

ત્યાં અતિથિ આવ્યો–નિર્જીવતાના અવતાર જેવો તે લાગતો. એના પગ ઉઘાડા હતા. અને પારસી સ્ત્રીઓ બેભાન બની ગઈ ! એનું ધોતિયું જાડું ને ટુંકું હતું. અને સુશોભિત ગૃહસ્થોએ નાક ચડાવ્યા. એણે કાઠીઆવાડી ફેંટો બાંધ્યો હતો, ને એક જણથી કહેવાય ગયું : ' ઘનો દરજી ! '

આ માણસમાં મૂલ્યોને અવનવા મૂલ્યો આપવાની અગાધ શક્તિ હતી. એની શક્તિમાં અડગતા હતી. એ મતભેદમાં માનતો નહિ. જે એ માનતો તે સત્ય. પયગંબરોની અદ્‌ભૂત આત્મશ્રદ્ધા તેનામાં હતી. તેણે કીમિયો કર્યો. સત્ય અને અહિંસા, યોગસૂત્રમાંના રીંગણા. પાર્થિવ મુત્સદ્દીપણાના સિદ્ધાંત બની સંચરવા લાગ્યા. જાડી, ગંદી ખાદી ગર્વપદ સાંસ્કારીતાનું ચિહ્ન લેખાયું. ભીષ્મત્યાગ એ ગુજરાતીનું ચિન્હ મનાયું. નિર્ભયતાએ ખટપટનું સ્થાન લીધું. ફફડ ગુજરાતી અડગ વીર બન્યો. લહેરી જીવનમાં સચોટ

વ્યવસ્થા આવી. બિચારૂં બારડોલી નિઃસિમ બહાદુરીનું ઉપમેય થઇ પડ્યું. મૂલ્યના પણ મૂલ્ય ફરી અંકાય એવા આ કીમિયાની કોણ અવગણના કરી શકે ?

આ કીમિયાગર અર્વાચીન દધીચિની માફક હાડકામાંથી વજ્ર બનાવવા મથતો હતો. આપણી કાયરતા, રીસાળતા, નિઃશસ્ત્રતા અને ધર્માંધતાને તપાવી તપાવી સત્યાગ્રહ બનાવતો હતો. આપણી પાસે શસ્ત્ર નથી એટલે ધાર્યું કરવા આપણે સામાને મારી ન શકીએ–પણ આપણે મરી શકીએ.

મૃત્યુંજયના અનેક મંત્ર છે. યમની અવગણના કરતા, વિડંબના કરતા, તેને ડારતા, ઉલ્લાસી ને ગર્વિષ્ઠ માનવો પણ એક મૃત્યુંજય મંત્રનો જાપ જપે છે. પણ તે મંત્રથી આ જુદો છે. આ મંત્ર જપનાર માનવ જ્યાંસુધી પોતાનો આગ્રહ ન ફળે ત્યાંસુધી નમ્ર ભાવે પણ અડગતાથી મૃત્યુના હાથમાં જાણી જોઇને જઈ બેસે છે. કેટલાક આને જીદ કહે. કેટલાક આને ગાંડપણ માને. પણ કીમિયાગર એ મંત્રબળે પોતાનું સત્યાગ્રહનું વજ્ર દુર્જેય કરે છે.

આ વજ્રને ધાર ચડાવવાને મહાત્મા ઉદ્યુક્ત છે. ચશ્મા પરથી જોતી આંખો વડે તે ભાવિને પૂછે છે: "એનો કોણ ક્યારે ઉપયોગ કરશે ?" ગહન પ્રશ્ન ! પાસે વહેતી સાબરમતીના કલ્લોલમાં પ્રશ્નના પડઘા શમી જાય છે.

⊙

૧૯૩૫ નો ઈસુ

પ્રખર રાજદ્વારી : એક અજબ નેતા.

(મહાત્મા ગાંધીજીના સંબંધમાં જગતના મહાપુરુષો, તત્વચિંતકો, વિચારકો અને પત્રકારોના મ્હોંમાંથી અનેક વચનો ઉચ્ચારાઈ ગયા છે. એમાંના કેટલાક આ નીચે આપવામાં આવ્યા છે.)

જીસસના ચારિત્ર સાથે ગાંધીજીના ચારિત્રની જે સામ્યતા છે તેનું મને વારંવાર સ્મરણ થયા કરે છે.

ઈસુ દૈવી સંપત્તિનો પુરુષ હતો. તેણે સર્વત્ર પ્રેમભાવનો ઉપદેશ કર્યો અને અમૂર્ત પ્રેમને મૂર્ત કરવા માટે પ્રતિકારનું તત્વ સ્પષ્ટ કર્યું.

સેતાનને ગાદી પરથી ખેંચી પાડી પ્રભુને તે સ્થળે યોજવા તથા સ્વરાજ્ય પૃથ્વી પર ઉતારવાના હેતુથી તેણે સર્વ પ્રયત્ન કર્યા. ગાંધી પણ આ જગતમાં એજ કાર્ય કરે છે.

વ્યક્તિગત દૃષ્ટિએ ગાંધી સત્પુરુષ છે. તે પ્રેમનું પણ સામ્રાજ્ય સ્થાપવા પ્રયત્ન કરે છે. અને અપ્રતિકારનો ઉપદેશ પણ કરે છે.

સાંપ્રતની સમાજરચના પલટાવી નવિન રચના સ્થાપિત કરવા તથા જડવાદનું સામ્રાજ્ય નષ્ટ કરી તે સ્થાને ધાર્મિક જીવન ઉપસ્થિત કરવા તે પ્રયત્ન કરે છે.

⊙

આજે ખુલ્લે ખુલ્લું જણાય છે કે હિંદની લક્ષાવધી દારિદ્ર પ્રજા ખળભળીને જાગ્રત થઈ છે. અજ્ઞાન અને બાહ્ય જુલમે ઉત્પન્ન કરેલી ઘોર નિદ્રાનો ત્યાગ કરી તે ધીમે ધીમે ઉભા થવા ઇચ્છે છે.

આ અંધકારમાંથી મુક્ત થવાની પોતાની તીવ્ર ઇચ્છા તેણે મહાત્મા ગાંધીરૂપે વ્યક્ત દશામાં આણી છે. પોતાની સર્વ ભવિતવ્યતા, આશા, આકાંક્ષા, અને ધ્યેય એટલુંજ નહિ પણ સમગ્ર જીવભાવ તેણે મહાત્માજીના ચરણમાં સમર્પ્યો છે. અત્યંત ઉત્સુકતાથી તેણે પોતાનું સર્વસ્વ તેમને સ્વાધિન કર્યું છે.

આ મહાત્મા આપણને અવશ્ય યાતનાઓમાંથી છોડાવશે એવો તેમનો દૃઢ વિશ્વાસ છે. વિશાળ હિંદના અમુક એકાદ ભાગમાં આવો વિશ્વાસ છે એમ નથી. પણ દેશ આખામાં એ વિશ્વાસ પથરાઈ ગએલો છે.

⊙

અંગ્રેજોની દ્રષ્ટિએ હિંદુસ્તાનના તેમના સામ્રાજ્યનો મોટામાં મોટો શત્રુ ગાંધી છે.

હિંદની નોકરશાહીને ઉથલાવી પાડવી એજ પોતાનું કાર્ય છે એમ ગાંધી સ્પષ્ટપણે કહેતા હોવાથી ચાલુ કાયદા પ્રમાણે તે રાજદ્રોહી ઠરે છે. તથાપિ ઉથલપાથલ અને બ્રિટિશ સત્તા એ બન્નેની વચ્ચે તોડજોડ કરનારી જો કોઈ વ્યક્તિ હોય તો તે ગાંધીજીજ છે. આજે જો હિંદનું નેતૃત્વ ગાંધીજી પાસે નહિ હોત તો ક્રાંતિનો ઝંઝાવાત જારી થઇને રક્તપાતનો આરંભ થઈ ચૂકયો હોત.

ગાંધીજીમાં નેતૃત્વ ધારણ કરવાની યોગ્યતા સ્વયંભૂ છે, એથીજ વિધવિધ મતના, વિવિધ પંથના અને વિધવિધ પરિસ્થિતિના લોકો આજે તેમના શબ્દોને માન આપે છે.

⊙

તેમના ભાષણમાં સદ્પુરૂષને યોગ્ય માધુર્ય હોવાથી પ્રતિપક્ષનો અર્ધો આવેશ તો તે પ્રથમથીજ નષ્ટ કરી નાંખે છે. અને તે એ માધુર્યને શુદ્ધ બુદ્ધિવાદ અને તર્કશાસ્ત્ર સાથે જોડી આપીને એક કસાયેલા ધારાશાસ્ત્રી પ્રમાણે પોતાનો પક્ષ રજુ કરે છે.

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી અને જનરલ સ્મટસ વચ્ચે ઘણા વર્ષ સુધી વાક્યુદ્ધ ચાલ્યું હતું. એ યુદ્ધ દીર્ઘકાળ સુધી ચાલવા છતાં એ બે મુત્સદ્દીઓના બુદ્ધિવાદ દ્રેષમાં પરિણમવા જેટલી હદે કદીપણ ગયો ન હતો.

ગાંધી અને ગાંધી પંથનો સાર એકજ સૂત્રમાં કહેવો હોય તો તે ખુદ ગાંધીજીના નિચેના શબ્દોમાંથી વ્યક્ત થશે.

"બહારથી ધર્મજીજ્ઞાસુ તરીકે જણાતા અનેક પુરૂષો અંદરથી રાજપ્રકરણી હોય છે. ત્યારે બહારથી રાજપ્રકરણનો સ્વીકાર કરવા છતાં પણ અંતરમાંથી હું ધર્મજીજ્ઞાસુ છું.

જીવનમુક્ત પુરૂષ

મહાન ચક્રવર્તિ સત્તાધીશો, પ્રચંડ તોપો, જ્વલંત શસ્ત્રાસ્ત્રો, ભયંકર અંધાર કોટડીઓ, તુરંગના નાનાવિધ મનુષ્ય સંહારક સાધનો, અપમાન અથવા શરીરઘાત, એમાંની કોઈપણ વસ્તુ સમક્ષ ગાંધીનો દિવ્ય જીવાત્મા મસ્તક અવનત નહિ કરે.

વિશેષ શા માટે? પ્રત્યક્ષ મૃત્યુ પણ પોતાના વિકરાળ સ્વરૂપમાં તેમની સમક્ષ આવે તો પણ તેમનું ચિત્ત લેશ માત્ર કંપિત થાય નહિ. ગાંધી જીવનમુક્ત આત્મા છે.

મારી ખાત્રી થઈ છે કે મારે ગળે કોઈ ફાંસો નાંખશે તો હું ધાજેરે ધાજો એમ પોકારી ઉઠીશ, પણ એવી સ્થિતિમાં ગાંધીના મુખદ્વારા દુઃખનો ઉચ્છ્વાસ સુદ્ધાં નહિ નીકળે.

⊙

સમગ્ર રાષ્ટ્ર એની પાછળ આવે છે. કારણકે પ્રજા માને છે કે એ સંત પુરૂષ છે. ભિન્ન ભિન્ન કોમ, ભિન્ન ભિન્ન સ્વભાવ અને ભિન્ન ભિન્ન આદર્શવાન આ આખી પ્રજા એ સંતપુરૂષને પગલે ચાલવા હાથમાં હાથ મિલાવી એક બને એ આધુનિક જમાનાનું આશ્ચર્ય છે.

સ્વ. રવીન્દ્રનાથ ટાગોર.

⊙

એનું સાનિધ્ય ખુબ ઉપયોગી થયું છે.

હું ગાંધીજીના રાજદ્વારી શિષ્યવર્ગમાંનો નથી કે નથી તેમના ધર્મમતનો અનુયાયી. તથાપિ ગાંધીનો કેટલાક વર્ષોથી પરિચય હોવાથી તેમના મતોનું મેં આદરપૂર્વક નિરિક્ષણ કર્યું છે. મહાત્માજીના સાનિધ્યમાં સત્સંગનો કેવો લાભ હોય તેનો પણ મને અનુભવ મળ્યો છે.

વજ્રપ્રાયઃ માનસિક શક્તિ પોતાનું કાર્ય શી રીતે કરે છે તે પ્રત્યક્ષ જોયાથી મને મહાત્માજીનું સાનિધ્ય પુષ્કળ ઉપયોગી થયું છે.

મનુષ્યનું કર્તવ્ય શું ? અને તેનો માર્ગ કેવી રીતે સાફ કરવો જોઇએ તેનું જ્ઞાન મને મહાત્માજીના જીવંત દ્રષ્ટાંતથી મળ્યું છે.

મનુષ્યના સામાન્ય દ્રશ્યરૂપની પાછળ જે અનંત ચૈતન્ય અને વિશાળ શક્તિ ઉભી છે તેનું ઝાંખુ ઝાંખુ દર્શન પણ મને પ્રસંગોપાત થયું છે.

શ્રીનિવાસ શાસ્ત્રી.

⊙

ઉલેચવા પાપ યુગયુગોના,
શું ઉતરી મૂર્તિમતી અહિંસા?

કેટલાક લોકો ગાંધીજીને ક્રાંતિવિરોધી અને પ્રત્યાઘાતી કહે છે. એમ છતાં આટલું તો નક્કી છે કે આ '**પ્રત્યાઘાતી**' માણસજ ભારતવર્ષને ઓળખે છે. એજ ભારતવર્ષને સાચી રીતે સમજે છે. લગભગ એ પોતેજ કિસાનભારતનું પ્રતિક છે અને કોઇપણ કહેવાતા ક્રાંતિકારી કરતાં એણે જ સારાય ભારતવર્ષને હલાવી મૂક્યું છે. પોતાની વિશિષ્ટ રીતે એ જોરશાલા બળોને વહેતા મૂકે છે અને જલસપાટી પરના તરંગોની માફક જોતજોતામાં એ લાખો કરોડો માણસોને અસરકારક રીતે સ્પર્શી લે છે. એને ક્રાંતિકારી કહો કે પ્રત્યાઘાતી કહો પણ એણેજ ભારતવર્ષની સીકલ ફેરવી દીધી છે; ચીમળાઇને અધોગતિ પામેલી પ્રજામાં અભિમાન અને વ્યક્તિત્વ આણ્યા છે. આમ જનતામાં તાકાત અને આત્મભાન પ્રગટાવ્યાં છે અને ભારતવર્ષના પ્રશ્નને સારાય વિશ્વનો પ્રશ્ન બનાવી દીધો છે.

ભારતવર્ષ એમના વિના ખાલી ખાલી લાગત.

જવાહરલાલ નહેરૂ

⊙

ગુજરાતના જ્યોતિર્ધર

—**મ**હાત્માજી! કોઇ પ્રાચીન ભગવાન અર્વાચીન સૃષ્ટિમાં ભૂલા પડયા હોય એવા મહાન ને અપૂર્વ મોહનદાસ ગાંધી! હેમચંદ્રસૂરીના વૈરાગ્યને હરિશ્ચંદ્રના સત્ય સાથે સંમિશ્રિત કરી; દાદાભાઇની એકનિષ્ઠ સેવા-

વૃત્તિમાં દયાનંદની ઝનૂની દેશદાઝ ભેળવી;—નરસિંહના વૈષ્ણવનો આદર્શ સેવીને સ્વામીનારાયણને અધમોદ્ધારણ પ્રવૃત્તિમાં ઝાંખા કરી—આ નરોત્તમે તો માનવતા કેટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચી શકે છે તેની કલ્પના કરવાની શક્તિ પણ આપણામાં રાખી નહિ. વાક્પટુતામાં ત્યાગમાં, દેશભકિતમાં, સમભાવમાં, મુત્સદ્દીપણામાં ને સત્યપ્રિયતામાં એક અને અતુલ એવા ગુજરાતના આ અગ્રગણ્ય જ્યોતિર્ધરને અર્વાચીન યુગની દશ દિશા ઉજાળતા હું જોઉં છું. બારડોલીમાં બેઠા બેઠા રાષ્ટ્રિય બળવો કરવાના સંકલ્પ કરતા તે મને દેખાયા જ કરે છે. ચ્યવનથી નર્મદ સુધીના તેજ એના તેજમાં મળી ભાવિનું ક્ષિતિજ આહ્લાદક પ્રકાશે દીપાવે છે.

—કનૈયાલાલ મુનશી.

અજબ ક્રાંતિકારી

(પરસીવલ લંડનના લેખમાંથી)

ગાંધી બુદ્ધિવાદ દ્વારા કોઈને પોતાનો મત સમજાવતા નથી તેઓ પોતાનું કથન શ્રોતાઓના અંતઃકરણનેજ સમર્પી દે છે. આથી જ રાજ-પ્રકરણની બાબતમાં પણ ગાંધીની હારમાં બેસાડી શકાય એવો એકે માણસ આપણને મળી આવતો નથી. સમસ્ત સામાન્ય જનતા ઉપર લગભગ અવતારી પુરૂષ જેટલી તેમની છાપ પડેલી છે. આ બાબતમાં તેમની બરોબરી કરે એવો જગતમાં કોણ છે? જગતમાં આજે અનેક રાજપ્રકરણી પુરૂષો વિચરે છે. તેઓ માનવ જાતિના ઇતિહાસને ભિન્ન ભિન્ન પંથે વાળ-વાના હેતુથી પોતપોતાથી બનતો પ્રયત્ન કરે છે પરંતુ ગાંધીની ચળવળ યશસ્વી થતાં અખિલ માનવજાતિના ઇતિહાસમાં જે પ્રચંડ ક્રાંતિ થાય તેનું વિરાટ સ્વરૂપ લક્ષમાં લઈએ છીએ [illegible] જગતમાં એ સર્વ રાજકારણી પુરૂષો વામનમૂર્તિ જેવાજ જણાય [illegible]

સામ્રાજ્યનો શત્રુ

(ડબલ્યુ. ડબલ્યુ. પીઅર્સનના લેખમાંથી)

ગાંધીજીનું જીવનચરિત્ર લોકોની સમક્ષ ખુલ્લુંજ રહેલું છે અને તેમની સમસ્ત પ્રવૃત્તિના પ્રભાવથીજ હિંદીઓને તેમની ધૂન લાગી છે. હિંદુસ્તાતની સામાન્ય જનતા પર તેમનું એવું અજબ વજન હોવાથીજ તેમના પ્રતિપક્ષીઓને તે બ્રિટિશ સામ્રાજ્યના ભયંકર શત્રુ લાગે છે. માન મરતબા કે દ્રવ્યની લાલચને વશ થઈ તે પોતાની હિલચાલ છોડે એ વાત તો કરવાનીજ નથી. એકવાર કોઈ પણ તત્ત્વને તે પોતાનું બનાવી તેને આચારમાં મુકવાનો નિશ્ચય કરે એટલે પોતાના જીવજાન દોસ્તની ખાતર પણ તેમાંથી જરા સરખા ચલિત થવાના નહિ. કોઈવાર પ્રસંગ એવો પણ આવે છે કે તે સમયે પોતાના તત્ત્વને ક્ષણભર દૂર કરવામાં આવે તો સ્વપક્ષને હજારો અનુયાયીઓનો લાભ થાય. પણ એવા પ્રસંગે સુદ્ધાં ગાંધી વ્રતભ્રષ્ટ થતાં નથી.

⊙

ગાંધીજીના ચરણે

એકાદ પચ્ચીસી પહેલાના ગાંધીજીનો હરિફ એવો હું આજે એ જન્મભરના યોદ્ધાને સલામી આપું છું.

તેમની જાહેર સેવા માટે તેમજ તેમના વ્યક્તિત્વ માટે તેમને અપાતા આ માનમાં હું સહર્ષ જોડાઉં છું.

—જે. સી. સ્મટસ

⊙

રાષ્ટ્રિય ઇતિહાસના વીર પુરૂષ તરિકે માત્ર હિન્દજ ગાંધીજીને માન્ય રાખે છે એવું નથી. આતો કંઇક યુગો સુધી તેમની યાદગીરી માનવી માત્ર જાળવી રાખશે.

કાર્ય કરવાની સ્ફુર્તિ અને આત્મવિશ્વાસનો જાતેજ દાખલો આપીને હિંદની પ્રજામાં તેમણે હિંદી પ્રજા તરીકેની તાકાત, ઐક્ય, અને આઝાદીની ઇચ્છાશક્તિ જાગ્રત કરનારો પ્રાણવાયુ ફૂંક્યો છે.

પશ્ચિમની પ્રજા માટે તેમણે વિસ્મૃત થઈ ગએલા અગર છેહ દેવાએલા ઈસુખ્રિસ્તના સંદેશને ફરી સુણાવ્યો છે.

માનવના મહાન સંતોમાં તેમનું નામ સુયોગ્ય રીતે ઉમેરાયું છે. તેમનું તેજ ધરતી તલના દરેકે દરેક દેશોમાં પ્રકાશી રહ્યું છે.

દુનિયાની તવારીખમાં પારદર્શક સચ્ચાઇનો અપૂર્વ નમુનો આ ગાંધી છે.

—રોમેરોલાં

⊙

શ્રી. ગાંધીજીની પ્રતિભા અને જીવન કાર્ય માટે પ્રશંસાના પુષ્પો વેરવામાં બીજાની સાથે જોડાતા મને અત્યંત હર્ષ થાય છે. તેમના દરેક વિચારને હું મળતો થઈ શકતો નથી. એવી આશા પણ ન રાખી શકાય. કારણ કે અમે દુનિયાના સામસામાં પટ પર વસીએ છીએ. પરંતુ તેમના ઉમરાવ દિલ અને માનવજાત પ્રત્યેના સદ્‌ભાવે દુનિયાભરના માનવબંધુઓમાં તેમને પ્યારા બનાવ્યા છે.

—અપ્ટન સિંકલેર

⊙

મહાત્મા ગાંધીજીને તેમના જન્મદિને દુનિયાભરમાંથી શુભેચ્છા પાઠવનારા અસંખ્યોમાં હું ઉમેરાઉં છું એથી મને અપ્રતિમ આનંદ થાય છે.

આજના જમાનામાં તેના કરતા વધારે સહૃદયતાથી સત્યનું રક્ષણ કરનારો બીજો કોઇ માનવી જીવંત નથી. માત્ર પૂર્વનાજ સ્ત્રી પુરૂષોને દોરવા માટે નહિ, પણ દુનિયાના તમામ સ્ત્રી પુરૂષોને પ્રેમ, સહકાર અને

સેવાના માર્ગનું શિક્ષણ આપીને વિશ્વશાંતિ તરફ દોરી જવા તેમનું આયુષ્ય વૃદ્ધિ પામો.

—જ્યોર્જ લેન્સબરી

⊙

સમકાલિન ઇતિહાસમાં આજદિન સુધી કોઈએ નહિં આંકેલી એવી ઉજ્વળ રેખાઓ જેણે અંકિત કરી છે એવી મહાન વિભૂતિને નાનીશી અંજલી આપવામાં પણ હું મહાભાગ્ય ગણું છું.

—જે. એચ. મ્યુરહેડ

⊙

એ દિવસો હું સદાને માટે સ્મર્યા કરીશ કે જ્યારે હું તેમની સાથે સમાધાનનો માર્ગ કાઢવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તેમની અને મારી વિચારસરણીના એ વખતે ગમે તેવા મતભેદો હશે. છતાંય તેમની અંદર રહેલી આધ્યાત્મિક શક્તિનો સ્વીકાર કર્યા સિવાય હું રહી શકતો નથી.

પોતે સ્વીકારેલા ધ્યેયને માટે ગમે તેવા મહાન ભોગને પણ તુચ્છ ગણવાની તાકાત એ શક્તિએ તેમને આપેલ છે.

—વાઈકાઉન્ટ હેલીફાકસ

⊙

મહાત્માજીને કેદમાં પૂરનાર અને પોતાની જાતને ખ્રિસ્તી તરીકે ઓળખાવનાર કરતાં વધારે સાચો ખ્રિસ્તી તો વધસ્તંભે ચડેલા તારણહારનો સાચો પ્રતિનિધિ ગાંધી છે.

—બિશપ વાર્ઇટવુડ.

⊙

જગત ભરના વડા પ્રધાનો અને પ્રમુખોમાં એવો એક પણ નથી જે ગાંધીજીની પડખે ઉભો રહી શકે.

બધા દેશોમાં લાખો મનુષ્યો મહાત્માજીને જગતના તારણહાર માને

છે. ઇશુ પછી જગતભરની શાંતિ અને ભ્રાતૃભાવનો સંદેશો લાવનાર મહાત્માજીજ છે અને તે વડે જ આપણા સૌનો ઉદ્ધાર છે.

—ડૉ. હોમ્સ

⊙

ગાંધીજી ભલે નિષ્ફળ જાય, ભલે કાલેજ એમનું મૃત્યુ થાય પરંતુ તે પછી જે દિવસ ઉગશે એ એમના વિજયનોજ હશે.

જગત આખું જાણે છે તેમ એ પુરૂપ એક લંગોટી સિવાય તદ્દન ઉઘાડો હતો. શરીર એટલું દુબળુ અને સુકલકડી હતું કે જાણે રણમાં ઉભેલું એકાદ ઠુંઠું.

પણ એજ બંદીવાન મહાત્મા સારાય હિંદનો પ્રાણ છે.

(યરોડા જેલમાં મુલાકાત વેળાએ)

—મિ. સ્લોકોમ્બ

⊙

માનવચરિત્રની અંદર રહેલી શુભ બુદ્ધિ પરમ સત્ય રૂપે સ્વીકારીને, વિશ્વલીલામયના અનંત લીલાપ્રવાહમાં પોતાની શક્તિઓ મિલાવી દઇને શાંતિ, સામ્ય અને પ્રેમની સ્નિગ્ધોજ્જવલ દીપશિખા હાથમાં લઇને, ગાંધીજી અવિચલ પગલે પોતાના સુદૂર પથ પર આગળ જવા ખડા છે. આ સાધન પથ બીજાને માટે ગમે તેટલો દુર્ગમ કે દુર્બોધ્ય હોય એની ચિંતા એને નથી.

—જગન્નાથપ્રસાદ મિશ્ર

ગાંધીજીનું સાહિત્ય

૧. **બાળપોથી :** આ પુસ્તક ઘણા વર્ષો પહેલાં આફ્રિકામાં લખેલું આજે એ મળતું નથી.

૨. **હિંદ સ્વરાજ્ય** : એક સ્ટીમર પ્રવાસ દરમ્યાન લખેલું. હિંદ સ્વરાજ્યની પ્રવૃત્તિ હજી સુધી આ પુસ્તકમાં દોરેલ નીતિ પ્રમાણે ગાંધીજી ચલાવી રહ્યા છે. આ પુસ્તક ગાંધીજીના પોતાના હસ્તાક્ષરમાં પણ નવજીવન કાર્યાલયે બહાર પાડ્યું છે.

૩ **સર્વોદય :** મહાન વિચારક જોન રસ્કિનના "Unto This Last" નામના પુસ્તકનો સારાનુવાદ છે. આ પુસ્તક બહુ નાનું છે.

૪. **અનાસક્તિ યોગ :** ભગવદ્‌ગીતાનું પોતાની દ્રષ્ટિએ ભાષાંતર (ન.કા.)

૫. **ગીતા પદાર્થ કોષ :** ગીતાના શબ્દોના અર્થ. (ન. કા.)

૬. **સત્યના પ્રયોગો અથવા આત્મકથા :** ભાગ ૧–૨ (ન. કા.)

૭. **દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ :** ભાગ ૧–૨ (ન.કા.)

૮. **આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન :** (સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય)

૯. **નીતિનાશને માર્ગે :** (ન. કા.)

૧૦. **ખરી કેળવણી :** (ન. કા.)

૧૧. **કેળવણીનો કોયડો :** (ન. કા)

૧૨. **ધર્મમંથન :** (ન. કા.)

૧૩. **વ્યાપક ધર્મભાવના** (ન. કા.)

૧૪. **અહિંસા** (ન.કા.)

૧૫. **વર્ણવ્યવસ્થા** (ન. કા.)

૧૬. **સાચો શ્રમજીવી:** (ટોલસ્ટોયના ઇવાન ધી ફુલનો અનુવાદ) (ન. કા.)

૧૭. **યરોડાના અનુભવો** (ન. કા.)

૧૮. **ગીતાબોધ** (ન.કા.)

૧૯. **મંગળ પ્રભાત** (ન. કા.)

૨૦. **ત્યાગમૂર્તિ અને બીજા લેખો** (ન. કા.)

૨૧. **આશ્રમવાસીઓ પ્રત્યે** (ન કા.)

૨૨. **ગોસેવા** (ન.કા.)

૨૩. **પ્રાણપ્રતિષ્ઠા** (ન. કા.)

૨૪. **અસહકાર** (યુગધર્મ કાં.)

૨૫. **આખરી ફેંસલો** (ગુર્જર ગ્રંથરત્ન કા.)

૨૬. **સંપૂર્ણ દારુનિષેધ** (ગુ. ગ્રં. કાર્યાલય)

૨૭. **હરિજન ભાગવત** (ગુ. ગ્રં. કા.)

૨૮. **મારો જેલનો અનુભવ** (ગાંડિવ કા.)

૨૯. **કાયદાની સામે થવાની ફરજ :** અમેરિકન લેખક થોરોના પુસ્તકનો અનુવાદ

૩૦. **ગાંધી શિક્ષણ :** ભાગ ૧-૧૩ (નગીનદાસ અમુલખરાય) ઉપરાંત 'ઈંડીયન ઓપીનીયન', 'નવજીવન', 'હરિજન' વગેરેમાં સંખ્યાબંધ છૂટક લેખો

શૈલી : સીધી, વેગવાળી અને લક્ષ્યવેધી હોઈ તે કદી છીછરી કે ગ્રામ્ય નથી થઇ જતી. વિષયને અનુકૂળ તે હંમેશા પ્રૌઢ, ગંભીર, અને પ્રતિતિકર હોય છે. એમના વાક્યો ટુંકા અને સરલ રચનાના હોય છે. અલંકાર કે ભાષા સૌંદર્ય આણવાનો એઓ કદિ પ્રયાસ કરતા નથી. છતાં એમના કેટલાક વાક્યો તો હંમેશા યાદ રહી જાય છે. તેઓ બને તેટલા ઘરગથ્થું શબ્દો વાપરે છે. ઘણા ગામઠી પણ અર્થવાહક શબ્દો એમણે વપરાશમાં આણ્યા છે.

* ન. કા.=નવજીવન કાર્યાલય. ગુ. ગ્રં. કા.=ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

દિનચર્યા

ગમે ત્યારે સુવાનુ મળે છતાં ચાર વાગે ઉઠવું. તે પછી પ્રાર્થના અને ફરવા જવું. ફરી આવ્યા પછી નાસ્તો. નાસ્તામાં થુલી, તાડ કે ખજુરીનો ગોળ, બકરીનું દુધ, ટમેટાનો રસ કે ખારેક. એ પછી પત્ર વહેવાર. બને ત્યાં સુધી જાતેજ જવાબ આપે. દરમ્યાન દર્દી આવી ચડે તો તેની દવાની જાતેજ વ્યવસ્થા કરવી. સ્નાન પછી અગી આર વાગે ભોજન. ભોજનમાં બાફેલા બે શાક, થોડાં ફળ, ટમેટા કે સંતરા; ડબલ રોટી કે રોટી, દુધ કે દહીં કે ગોળ. ભોજન પછી થોડો આરામ. તે પછી લખવાનો કે મુલાકાતનો સમય. એ પછી ચરખો કાંતવાનું. સાંજના જમ્યા પછી ફરવા જવાનું. અને તે પછી બીજું કામ ન હોય તો વહેલા સુઈ જાય.

⊙

જાણવા જેવું

⊙ ગાંધીજી માથે ચોટલી રાખે છે. નાનપણમાં હતી. પણ મોટપણે સાહેબમાં ખપવા કપાવી નંખાવેલી. હૃષિકેશમાં એક સન્યાશી સાથેના વિવાદ પછી પુનઃ રાખવા માંડી.

⊙ જનોઈ ત્રણ વર્ણ રાખે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય. ગાંધીજીએ જનોઈ કુંચી ભેરવવાના સાધન તરીકે રાખેલી. એ જુની થઈ ને તુટી ગઈ, ગાંધીજીએ નવી ન પહેરી. એમણે કહ્યું : "જેનો શુદ્રને અધિકાર નહિ એનો મને પણ નહિ."

⊙ હિટલર, ચેમ્બરલેન, મુસોલીની વગેરેના લાખોના વિમા છે. ગાંધીજી પોતાની અમુલખ જીંદગીનો વિમો ઉતરાવવા ના પાડે છે. તેઓ કહે છેઃ "વીમો ઉતરાવવો એ તો ઈશ્વર ઉપરની અશ્રદ્ધા છે."

⊙ પહેલાં ગાંધીજી વાળ રાખતા, પાછળથી એ લપ ઓછી કરી.

⊙ ગાંધીજી જન્મે વૈષ્ણવ. એટલે કંઠી બહુ લાંબા સમય સુધી બાંધી રાખેલી.

⊙ ગાંધીજી આફ્રીકાથી આવ્યા ત્યારે ચરખાનું નામ સુદ્ધાં નહતું.

રેંટીઆની શોધમાં ખરી મદદ કરનાર શ્રી. ગંગાબેન મજમુદાર.

⊙ ગાંધીજીને ગુજરાતી, અંગ્રેજી, લેટીન, ફ્રેંચ, ઉર્દુ, તામીલ, હિંદી, મરાઠી ને સંસ્કૃત ભાષા આવડે છે અને બંને હાથે લખી શકે છે.

⊙ ચંપારણની લડતમાં મૌલાનાને કેદ કર્યા ત્યારે તેમની યાદગીરીમાં ગાંધીજીએ ત્રણ વસ્ત્ર ત્યાગી કચ્છ ધારણ કર્યો.

⊙ ગાંધીજી જેમ દૂધ લેવું બ્રહ્મચારી માટે ઠીક નથી ગણતા તેમ મીઠા માટે પણ માને છે.

⊙ ગાંધીજી રાત્રીભોજન નથી કરતા.

⊙ ગાંધીજીએ પ્રથમ જોએલા બે નાટકો : શ્રવણપિતૃભક્તિ : હરિશ્ચંદ્ર

⊙ મહાત્માજીની સગાઈ સાત વર્ષની વયે થએલી. લગ્ન ૧૩ વર્ષની વયે થએલાં. ગાંધીજી અને કસ્તુરબા સરખી ઉમરના છે.

⊙ ગાંધીજી ત્રીજી વખતની સગાઈથી કસ્તુરબાને પરણ્યા.

⊙ ગાંધીજી ૧૮ વર્ષની વયે વિલાયત બેરીસ્ટર થવા ગએલા.

⊙ ગાંધીજી બાર વર્ષની વયે બીડીના ઠુંઠા ચોરીને પીતા. પાછળથી પશ્ચાતાપ થતા ધંતુરાના બી ખાઇ મરવાનો નિશ્ચય કરેલો પણ હિંમત ચાલી નહિ.

⊙ ગાંધીજીને કપડાં ધોતાં અને ઈસ્ત્રી કરતાં આવડે છે. સ્વ. ગોખલેનો કિંમત બેસ ઇસ્ત્રી કરી આપી તેમણે પ્રમાણપત્ર મેળવેલું.

⊙ ગાંધીજી જાતે પોતાના વાળ કાપતા પણ શીખેલા.

⊙ આફ્રિકામાં ખેતીવાડી ઉપરાંત ચંપલ બનાવતા અને સુથારી કામ કરતાં પણ શીખેલા.

⊙ ગાંધીજી વૈદકના સારા જાણકાર છે.

⊙ ગાંધીજી ટાઈપીસ્ટ પણ છે. શરૂઆતમાં મોટા પુરૂષોના તે વગર પૈસે કલાર્ક થએલા.

⊙ ગાંધીજીને કંપોઝીટરનું કામ પણ આવડે છે. અમારૂ ઝડપમાં એમનો બીજો નંબર હતો.

⊙ ગાંધીજીનું 'યંગ ઇન્ડીઆ' વૉયસરૉયના પત્નિ પણ લવાજમ ભરી મંગાવતા.

⊙ 'નવજીવન' નીકળ્યું ત્યારે સ્વ. રમણભાઈ નીલકંઠે કહેલું: "મેટ્રીકનો વિદ્યાર્થી આ કરતાં સારૂં લખે." એજ નવજીવનની ૩૦ થી ૪૦ હજાર પ્રત ખપતી."

⊙ ધર્મદ્રષ્ટિએ ગાંધીજી વર્ષો સુધી દૂધ લેતા ન હતા. ડૉકટરો અને મિત્રોના આગ્રહને વશ થઈ પાછળથી તેમણે બકરીનું દૂધ લેવા માંડ્યું.

⊙ ભોજન કસ્તુબા તૈયાર કરે અને ગાંધીજી પીરસે. ગાંધીજી ભોજનમાં વિવિધ પ્રયોગો કરાવી તેની અસર જાણવામાં રસ લે છે.

⊙ આશ્રમમાં બધાને એક પંગતે ભોજન અપાય છે. ગાંધીજી કેદીના લોઢાના છાલિયામાંજ ભોજન લે છે. વાસણો હાથે માંજી લેવાનો રિવાજ છે.

⊙ ગાંધીજી દેશી કાગળ અને દેશી શાહી વાપરે છે. નાના સરખા કાગળના ટુકડા પર પણ લખે છે: એક પણ વસ્તુ નકામી ન જવા દેવી એવો એમનો સિધ્ધાંત છે.

⊙ ગમેતેવી શરદીમાં ગાંધીજી ખુલ્લા મેદાનમાંજ સૂએ છે.

⊙

વિચારમંથન

સ્વરાજ્ય આવે ત્યારે :

સ્વરાજ્યમાં યુરોપીયન હિતોનું શું? આજના હિંદમાં તેઓ જેટલા સુરક્ષિત છે તેટલાજ સુરક્ષિત તેઓ સ્વરાજ્ય ભોગવતા હિંદમાં પણ રહેશે. પરંતુ એક વધુ સારી જાત તરીકેના હકકો, છૂટછાટો કે ખાસ લાભો આપવામાં આવશે નહિ. મિત્ર શબ્દના દરેક અર્થમાં અંગ્રેજો મિત્ર તરીકે રહી શકશે. નહિકે રાજકર્તા તરીકે.

⊙

કિસાનોની બહેતરી માટે :

ગૃહઉદ્યોગ સિવાય હિંદના કિસાનનો આરો નથી. માત્ર જમીનની પેદાશમાંથી તે પોતાનું ગુજરાન ચલાવી શકે તેમ નથી. તેની પુરવણી અર્થે તેને ગૃહઉદ્યોગની જરૂર છે. કાંતણ એ સહેલામાં સહેલો, સસ્તામાં સસ્તો તથા સર્વોત્તમ ઉદ્યોગ છે.

⊙

સ્વરાજ્ય ભોગવતું હિંદ :

શિક્ષણ, ધારા, પોલીસ, તથા લશ્કર ઉપર રાષ્ટ્રના પ્રતિનિધિઓનો કાબુ હોય, નાણા વિષયક કાબુ આપણો પોતાનો હોય, અને જો આપણું સ્વરાજ્ય હોય, તો આપણી રજા સિવાય એક પણ સિપાઈ હિંદ બહાર જવો જોઈએ નહિ.

⊙

સમાજ સેવા :

સમાજ સેવા જો ધમાલ, આડંબર વિના કરવામાં આવે તોજ શોભી નીકળે. જમણા હાથે થતું કામ ડાબો હાથ ન જાણે એવી રીતે કરેલી સેવાજ શ્રેષ્ઠ છે.

⊙

માણસનો ખરો ધંધો :

માણસ જાતનો ખરો ધંધો એજ છે કે; તેણે પોતાનું ચારિત્ર ઘડવું. કમાવાને અર્થે કંઈ શીખવુંજ પડે એવું નથી. જે માણસ જાતિનો રસ્તો કદિ છોડતો નથી તે માણસ કદિ ભૂખે મરતો નથી. અને તેવો વખત આવ્યે તે ડરતો નથી.

⊙

ખરી કેળવણી :

પરોપકાર કરવો, બીજાની સેવા કરવી, ને તેમ કરવામાં જરા એ મોટાઇ ન માની લેવી એ ખરી કેળવણી છે.

⊙

સ્વદેશાભિમાનની વ્યાખ્યા :

સ્વદેશાભિમાન એટલે હું દેશનું હિત સમજું છું. જો દેશનું હિત ઇંગ્રેજને હાથે થતુ હોય તો હું આજે ઇંગ્રેજને નમીશ.

⊙

કાયદા :

કાયદા આપણને પસંદ ન હોય તે પ્રમાણે આપણે ચાલવું એવું શિક્ષણ મરદાઇથી વિરૂધ્ધ છે. ધર્મવિરૂધ્ધ છે, ને ગુલામીની હદ છે.

⊙

આત્મજ્ઞાન :

અક્ષરજ્ઞાન મેળવ્યા વિના આત્મજ્ઞાન તદ્દન શકય છે.

⊙

ખરો અભ્યાસી :

જે માણસ પોતાની ફરજ બજાવે છે તે સદાય અભ્યાસ કરે છે.

ખરૂં સ્વરાજ્ય :

આપણે આપણી ઉપર રાજ્ય ભોગવીએ તેજ સ્વરાજ્ય છે. અને એ સ્વરાજ્ય આપણી હથેલીમાં છે.

ભૂલ કરવામાં રહેલી સુધારણા :

જેને ભૂલ કરવાને કદી હક નથી તે કદી સુધારો કરી શકવાનાં નથી. ભૂલ કરવાની છૂટ અને તે સુધારવાની સત્તા એજ સ્વરાજ્યની વ્યાખ્યા છે.

ન્યાયવૃત્તિ :

આપણી સ્વતંત્રતા આપણે ચાહતા હોઈએ તો બીજાની છીનવી લેવાને આપણને અધિકાર નથી.

સ્વદેશી ભાવના :

આપણામાં રહેલી તે ભાવના છે કે જે આપણને આપણી પાસેની પરિસ્થિતિનો ઉપયોગ કરવા અને તેની સેવા કરવા તથા દૂરની પરિસ્થિતિનો ત્યાગ કરવા પ્રેરે છે.

⊙

⊙ પોતાની આજુ બાજુ અસત્ય, અન્યાય કે અધર્મ ચાલી રહ્યા હોય તે પ્રત્યે ઉદાસીનપણે જોઈ રહેનાર સત્યને સાક્ષાત્કાર કે આધ્યાત્મિક ઉન્નતિ કરી શકે નહિ. અસત્ય, અન્યાય, તથા અધર્મનો પ્રતિકાર એ સત્યાગ્રહનું આવશ્યક અંગ છે.

⊙ અહિંસા એ કેવળ નિવૃત્તિરૂપ કર્મ કે નિષ્ક્રિયા નથી. પણ બળવાન પ્રવૃત્તિ અથવા પ્રક્રિયા છે.

⊙ મને અંગ્રેજો પ્રત્યે દ્વેષ નથી. મને કોઈ સરકાર પ્રત્યે દ્વેષ નથી. પણ અસત્યની જોડે, આંખમીંચામણા જોડે, અન્યાયની જોડે મને હાડવેર છે.

⊙ જગત કાંઈ બુદ્ધિથી નથી ચાલતું. હૃદયથી ચાલે છે. જગતમાં બુદ્ધિ નહિ પણ આત્મા રાજ્ય કરશે એટલે કે સદાચાર રાજ્ય કરશે.

⊙ ક્રૂરતા, કઠોરતા, એ ક્ષત્રિયનો ગુણ નથી પણ સહનશિલતા ક્ષમા, દયા, ઉદારતા, અપલાયનમ્ અને ગોળીના વરસાદ વરસતા હોય ત્યારે પણ અડગ રહી નિર્ભયપણે ઉભા રહેવાની શાંતિમાં ક્ષત્રિયતા છે.

⊙ સ્વતંત્રતા એ તપશ્ચર્યાનું રૂપ છે. ત્યારે હિંસા એ સ્વેચ્છાચારની જનની છે.

⊙ નિર્બળ હૃદયમાં જન્મેલી શાંતિ એ શાંતિ નથી. એ તો શ્રદ્ધાનો અભાવ અને બીકણુપણું છે.

⊙ પરદેશી કપડું મફત મળે તોય મોંઘુ છે. અને ખાદી મોંઘી મળે તોય સસ્તી છે. કેમકે એમાં નાંખેલા બધા પૈસા હિંદુસ્તાનના ગરીબોના ઘરમાં જાય છે. એની સાથે રહેલી સાદાય આપણા જીવનના બીજા ભાગોમાં પ્રસરી તેની સુવાસ ફેલાવી પ્રજાજીવનને સરળ અને શુધ્ધ કરે છે.

⊙ વિધવા ત્યાગની મૂર્તિ છે. પણ તેથી વૈધવ્ય બળાત્કારે પળાવવાની વસ્તુ નથી. બળાત્કારે કરાવેલો ત્યાગ એમાં રહેલી દિવ્યતાનો નાશ કરે છે. અને એને પૂજનીય અને આદર્શ કરવાને બદલે દયાપાત્ર કરી મૂકે છે. જેટલો વિધૂર થએલા પુરૂષનો પુનર્વિવાહ કરવાનો અધિકાર સ્વીકારાયેલો છે, તેટલોજ વિધવાનો પણ છે.

⊙ જે ચિત્તની શુધ્ધિ ન કરે, મન અને ઇંદ્રિયોને વશ રાખતા ન શીખવે, નિર્ભયતા અને સ્વાશ્રયિત્વ પેદા ન કરે, નિર્વાહનું સાધન ન બતાવે અને ગુલામીમાંથી છૂટવાની અને છૂટેલા રહેવાની ધગશ અને શક્તિ ન ઉપજાવે તે કેળવણીમાં ગમે તેટલો માહિતિનો ખજાનો, તાર્કિક કુશળતા અને ભાષાપાંડિત્ય રહ્યા હોય, છતાં એ કેળવણી નથી. અથવા અધુરી કેળવણી છે.

⊙

જીવન તવારીખ

જન્મ : તા. ૨–૧૦–૬૯ **સ્થળ** : **પોરબંદર**, પિતાનું નામ **કરમચંદ** માતાનું નામ **પુતળીબાઈ**, રાજકોટ હાઈસ્કુલમાં દાખલ થયા : ૧૮૮૧. કસ્તુરબા જોડે લગ્ન : ૮૨. મેટ્રિક થયા : ૧૮૮૭. સામળદાસ કૉલેજમાં જોડાયા ૧૮૮૮. બેરીસ્ટર થવા વિલાયત ગયા : ૧૮૯૧. બેરીસ્ટર થયા ૧૦–૬–૯૧. હિંદ પાછા ફર્યા, નારાયણ હેમચંદ્ર, રાજચંદ્રની પ્રથમ મુલાકાત મુંબઈમાં વકીલાત શરૂ કરી : ૧૮૯૨. દ. આફ્રિકા ગયા. ૧૮–૧૨–૯૩ નાતાલ ઈંડિયન કોંગ્રેસનો જન્મ ૨૨–૫–૯૪. દ. આફ્રિકા ગયા બીજીવાર ૧૮૯૫-૧૮૯૬. ૭ માસ માટે હિંદ પાછા ફર્યા. બોર યુદ્ધમાં મદદ : ૧૮૯૭–૯૮. હિંદ આવ્યા; કલકત્તા કોંગ્રેસમાં હાજરી, સફાઈનું કામ કર્યું. દ. આફ્રિકામાં ત્રીજીવાર. ૧૯૦૧. જોહાન્સબર્ગ મરકી વખતે સેવા : ૧૯૦૨. ઇન્ડિયન ઓપીનીયનનો જન્મ : ૧૯૦૪. ઝુલુ બળવામાં સેવા : ૧૯૦૫. સત્યાગ્રહની પ્રતિજ્ઞા : ૧૯૦૬. એમીગ્રેસનનો કાયદો મંજુર થયો, દ. આફ્રિકામાં જેલજાત્રાએ : ૧૯૦૭. ફીનીક્સ આશ્રમની શરૂઆત : ૧૯૦૮. પઠાણ હિંદીએ કરેલો હુમલો : ૧૯૦૯. રાજા એડવર્ડના મહેલમાં જેલનો અનુભવ : ૧૯૧૨. ગાંધી સ્મટસ કરાર : ૧૯૧૩. ટૉલસ્ટોય ફાર્મમાં દૂધ ત્યાગ, યુનિયન સરકાર સાથે સમજુતી, મહા યુદ્ધમાં લંડન ખાતે સેવા : ૧૯૧૪. હિંદમાં આગમન, કૈસરે હિંદ (સુવર્ણ ચંદ્રક) ૧૯૧૫. સત્યાગ્રહ આશ્રમ, સાબરમતિની સ્થાપના : ૧૯૧૬. ચંપારણમાં પકડાયા : ૧૯૧૭. કાળા કાયદા (રૉલેટ એક્ટ) સામે ઝુંબેશ, સત્યાગ્રહના શપથ, સત્યાગ્રહ મોકુફી, અપવાસ, જલીયાંવાળા, ખીલાફત લડત : ૧૯૧૯. ચંદ્રક પરત રવાના, અસહકારનો આરંભ : ૧૯૨૦. શહેનશાહના કાકા (ડયુક ઓફ કોનોટ) ને ખુલ્લો પત્ર, લૉર્ડ રીડીંગની મુલાકાત, યુવરાજનો બહિસ્કાર : ૧૯૨૧, લૉર્ડ રીડીંગને આખરી કહેણ, ચૌરીચોરા હુલ્લડ. જેલ જાત્રા : ૧૯૨૨. કારાવાસ મુક્તિ, દિલ્હીમાં ૨૧ દિવસના અપવાસ, બેલગામ મહાસભાના પ્રમુખ : ૧૯૨૪. સત્યાગ્રહની શરૂઆત : ૧૯૨૭ પરદેશી કાપડની કલકત્તામાં હોળી, સંપૂર્ણ સ્વતંત્રાનો ઠરાવ : ૧૯૨૯. મહાસભાના સરમુખત્યાર નીમાયા,

આત્મકથા પ્રથમ બહાર પડી, લૉર્ડ ઇરવિનને પત્ર, દાંડીકુચ, નીમકનો કાનુન ભંગ, ધરપકડ, ૧૯૩૦. જેલમુક્તિ, ગોળમેજી પરિષદ લંડનમાં, હિંદ પાછા ૧૯૩૧. ધરપકડ, રામ્સે મેકડોનલ્ડસ તથા હોર પત્ર વ્યવહાર, હરીજનો માટે જીવનપર્યન્તના ઉપવાસ., શરતી છૂટકારાનો નકાર, રામ્સે મેકડોનલ્ડસે પુના કરાર મંજુર કર્યો, અપવાસ છોડયા : ૧૯૩૨. હરીજન સેવક શુધ્ધિ માટે ૬૧ દિવસના અપવાસ, સત્યાગ્રહ વિસર્જન, લૉર્ડ વિલિંગડનને મુલાકાત માટે તાર, વૉટ સાહેબનો નનૈયો, સાબરમતિ આશ્રમ વિખેરવાની જાહેરાત, વ્યક્તિગત સત્યાગ્રહ, અમદાવાદથી રાસ તરફ કુચ કરવાની ચેતવણી, સાબરમતિ જેલમાં, યરવડા લઈ ગયા, શરતી મુક્તિ, ફરી પકડાયા, આ-મરણાંત ઉપવાસ, શાસુન હૉસ્પિટલમાં, હરિજન યાત્રા, બિનશરતી છૂટકારો, આક્રમણકારી સત્યાગ્રહની મોકુફી. ૧૯૩૩ બિહાર ધરતીકંપ યાત્રા, અખિલ ભારત મહાસભાએ ગાંધીજીની સલાહથી લડાઈ બંધ કરી, પુનામાં બૉંબ, મહાસભામાંથી નિવૃત થવાનું નિવેદન, વડી ધારાસભાની ચુંટણીમાં ભાગ લેવાની સલાહ, મહાસભાના બંધારણ માટે સુચનાઓ : ૧૯૩૪. એક માસનું મૌનવ્રત : ૧૯૩૫. સેગાંવ નિવાસ, "ફાંસીએ ચડવા તૈયાર છું," ફૈઝપુર મહાસભામાં ભાષણ : ૧૯૩૬. હોદ્દા સ્વીકારવાની સલાહ, દિલ્હીની વૉયસરૉય સાથેની ખાસ ઐતિહાસીક મુલાકાત, સરહદના ગાંધી ઉપરના પ્રતિબંધનો નિકાલ, આંદામાનના કેદીઓના અનશન છોડાવ્યા. ૧૯૩૭. રાજ-કોટ સત્યાગ્રહમાં આગેવાની. ૧૯૩૮.

ક્રમશ : પ્રગટ થશે.

⊙

લઘુનાટિકાઓ

⊙

વાત્સલ્ય : બીજી વાતો

⊙

ગુરૂદેવ ટાગોર

⊙

પૌરાણિક પાત્ર પરિચય

⊙